**ફોજદારી કેસ. નં. ૩૦૩/૨૦૧૭**

**-::આંક-૩૦ નીચે હુકમ ::-**

૧) સદર કામે અરજદાર આરોપી નં.૫ દ્વારા ઇ.પી.કો.કલમ ૪૦૬,૪૨૦,૧૨૦બી ના કામે ડીસ્ચાર્જ અરજી આપી જણાવેલ છે કે ફરીયાદ તથા તપાસના કામે લેવાયેલ નિવેદન તથા રજુ થયેલ દસ્તાવેજોની હકીકત જોતા બનાવ અંગે આરોપી નં.૫ ને કાંઇ લાગતું વળગતું ન હોય તેમજ આરોપી નં.૫ સામે કોઇ ફરીયાદ ન હોય અને અમો આરોપીએ તપાસ કરનાર અમલદાર ને આધિન ન થતા અમોને ગેરકાયદેસર રીતે અડચણ કરતા હોય જેથી નામ.સેશન્સ કોર્ટમાંથી આગોતરા જામીન ઉપર મુકત થયેલ છીએ જેથી તપાસ કરનાર અધિકારીએ એક માત્ર પોતાનો અહમ ટકાવવા તદન કાયદા વિરુધ્ધ ખોટી રીતે અમોને આ ગુનામાં સંડોવી દીધેલ છે. પોલિસે પુરતી તપાસ કર્યા વગર ખોટી રીતે અમારી સામે ચાર્જશીટ કરેલ છે તેમજ ફરીયાદીનું અમારી સામે કોઇ એલીગેશન ન હોય કે અમારૂ નામ પણ ફરીયાદમાં ન હોય અને પોલિસે નામ.કોર્ટમાં રજુ કરેલ રીપોર્ટ જોતા પણ અમારી સામે કોઇ પુરાવા ન હોય જેથી ફરીયાદ તથા રીપોર્ટ મુજબ અમારી સામે ગુનાહીત વિશ્વાસઘાત કે છેતરપીંડીની હકીકત ટકી શકતી નથી તેમજ અમો આરોપી નં.૫ સામે કોઇ પ્રથમ દર્શનિય

પુરાવો ન હોય જેથી અમો આરોપી નં.૫ ને સદર ગુનાના કામે ડીસ્ચાર્જ કરી છોડી મુકવા અરજ કરેલ છે.

૨) સદર કામે આરોપી નં.૫ તરફે વિ.વકીલશ્રી એન.એચ.લાલાણીએ તેમની મૌખિક દલીલમાં ડીસ્ચાર્જ અરજીમાં જણાવેલ હકીકતો મુજબ આ કામના આરોપી નં.૫ નું નામ ફરીયાદમાં નથી તેમજ તપાસના કામે લેવામાં આવેલ સાહેદોના નિવેદનોમાં પણ હાલના આરોપીનું નામ કોઇ સાહેદોએ જણાવેલ નથી અને સદર ગુનામાં કોઇ ભુમિકા રેકર્ડ પર આવેલ ન હોય તેમજ તપાસના કામે તપાસ કરનાર અમલદાર ને અમારી સામે કોઇ પુરાવો મળેલ ન હોય છતાં ખોટી રીતે ચાર્જશીટ કરેલ છે. તેમજ અમો આરોપી પેઢી વાળા માણસ છીએ અને લેવડ–દેવડના પૈસા છે. અને જે લોકોએ પૈસા જમાં કરાવેલ છે તેને સાક્ષીમાં લીધેલા છે જેથી પૈસા જમાં ન કરાવતા અમોને આરોપી બનાવેલા છે અને જે લોકો પાસેથી પોલિસે પૈસા કબ્જે કરેલ હતા તે લોકોને નામ.કોર્ટમાંથી મુદામાલ વચગાળાની કસ્ટડીએ પરત મળી ગયેલ છે અને સમગ્ર તપાસ દરમ્યાન અમારી સામે કોઇ પુરાવો મળી આવેલ નથી જેથી અમારી સામે કોઇ વિશ્વાસઘાત કે છેતરપીંડી નો ગુનો બનતો ન હોય જેથી ડીસ્ચાર્જ કરવા દલીલ કરેલ છે.

૩) સદર કામે સરકાર તરફે એ.પી.પી.શ્રી એસ.બી.ઠાકોર એ તેમની

દલીલમાં જણાવેલ છે કે ફરીયાદ હકીકત વંચાણે લેતાં  આ કામના ફરીયાદી સંજયકુમાર હરીલાલ એ આ કામના આરોપી ભગવાનજી ભાણજી અને તેના દિકરા વિકાસ ભગવાનજીભાઈ ની તથા  ફરીયાદીની  માર્કેટીંગ  યાર્ડમાં  પેઢી આવેલ છે તેમાં વેપારી વ્યવહાર મુજબ માલનું વેચાણ કરેલ છે જે માલ વેચાણના વ્યવહાર પેટે આ કામના ફરીયાદી તથા અન્ય ૬૧ જેટલા વેપારીઓ પાસેથી આરોપી નં.૧ અને ૨ નાએ માલ ખરીદી ને દિન–૭ માં પૈસા ચુકવી આપવાનો વિશ્વાસ આપેલ તેમ છતાં દિન–૭ માં આરોપી નં.૧ ની પેઢી માધવ ટ્રેડીંગ એ તપાસ કરતા આરોપી નં.૧ અને ૨ નો ફોન બંધ આવતો હોય જેથી તપાસ કરતા ફરીયાદીની રાધે ટ્રેડીંગ કંપની સિવાય બીજા ૬૧ જેટલા લોકો પાસેથી ૨ કરોડ ૨૯ લાખ જેટલી માતબર રકમની છેતરપીંડી અને વિશ્વાસઘાત કરેલ છે તેમજ માલ ખરીદેલ તેની નાણાની ચુકવણી કરેલ નથી. વધુમાં વેચાણ કરેલ છે તેમાં આરોપી નં.૧ અને ૨ નાએ તેમના સગા વ્હાલાને ચુકવણું કરેલ છે તેમાં તપાસના કામે જે લોકોના પૈસાની ચુકવણી કરેલ તે લોકોએ તપાસના કામે પૈસા જમાં કરાવેલા છે અને આરોપી નં.૫ રજનીકાંત અમ્રુતલાલ ચોટાઈએ એ રૂપિયા ૮ લાખ જમાં કરાવેલા નથી અને સદર પૈસા આરોપી નં.૧ નાએ સાચવવા આપેલ હોય જેથી મદદગારી કરેલ છે અને નામ.સેશન્સ કોર્ટમાંથી આગોતરા જામીન મેળવેલા હોય અને આગોતરા જામીનના હુકમમાં જણાવેલ છે

કે ૫– દિવસમાં આ નાણા જમાં કરાવી દેશું તેવી ખાતરી આપીને આગોતરા જામીન મેળવી લીધેલ છે અને અજદીન સુધી આરોપી નં.૫ રજનીકાંતભાઇ અમ્રુતલાલ ચોટાઇ એ રકમ જમાં કરાવેલ નથી જેથી તેઓને આરોપી બનાવેલ છે અને પોલિસ રૂબરૂના નિવેદનમા આરોપીએ જણાવેલ છે કે પંચનામાની રૂએ આરોપી નં.૧ અને ૨ નાએ રકમ જમાં કરાવી દીધેલ છે અને આરોપી નં.૫ નાએ પોતાના અંગત કામ માટે ઉપયોગ કરેલ છે જેથી નામ.ગુજરાત હાઇકોર્ટ તથા નામ.સુપ્રિમ કોર્ટના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ છે કે પ્રાઇમાફેસી કેસ બને છે કે કેમ તેટલું જ જોવાનું છે અને હાલમાં ગુણ દોષ પર જવાનું નથી તેથી હાલના કામે આરોપી નં.૧ અને ૨ નાએ આરોપી નં.૫ ને પૈસા આપેલ હોય જે પૈસા આરોપી નં.૫ નાએ રાખી લીધેલ હોય જેથી ડીસ્ચાર્જ અરજી ના– મંજુર કરવા દલીલ કરેલ છે.

૪) સદર કામે પક્ષકારોના વિ.વકીલશ્રીઓની દલીલ સાંભળી. ચાર્જશીટ ના કોલમ નં.૫ વંચાણે લેતા તેમાં ઇ.પી.કો કલમ ૪૦૬,૪૨૦,૧૨૦બી મુજબ આરોપી નં.૧ અને ૨ નાએ જામજોધપુર માર્કેટીંગ યાર્ડમાં માધવ ટ્રેડીંગ નામની પેઢી ચલાવતા હોય અને બંને ભેગા મળી અગાઉ થી કાવતરૂ કરી ફરીયાદી તેમજ યાર્ડના બીજા વેપારીઓ પાસે માલ ( જણસ) ની ખરીદી કરી દિન–૧૦ માં ચેક આપવાનો વિશ્વાસ આપી સદરહુ નાણા

ચેકથી નહી આપીને ફરીયાદી તેમજ અન્ય કુલ–૬૧ જેટલા વેપારીઓ સાથે રૂ.૨,૨૯,૨૧,૦૦૦/–નો વિશ્વાસઘાત છેતરપીંડી કરી ગામ મુકી નાસી જઇ તેમજ આરોપી નં.૩,૪,૫ નાઓને આરોપી નં.૧,૨ નાએ ચીટીંગ થી લીઘેલ નાણા સાચવવા આપતા તેઓએ ચીટીંગ ના નાણા સાચવીને કાવતરૂ કરેલ હોવાનું તપાસ દરમ્યાન ખુલવા પામેલ હોય તેમજ તા.૨૨/૫/૨૦૧૭ ના રોજ આરોપી ભગવાનજીભાઇ ભાણજીભાઇ ખિરસરીયાએ તેમના નિવેદનમાં જણાવેલ છે કે રજનીકાંત અમ્રુતલાલ ચોટાઇ પાસેથી ૮ લાખ લીઘેલ હતા અને ઉપરોકત તમામ માણસોને મે જણાવેલ રકમ રોકડમાં ચુકવી આપેલ છે આ તમામ રકમ જુદા જુદા વેપારીઓ પાસેથી લીઘેલ જણસ (માલ) વેચીને તેમાંથી મળેલ રકમથી ભરપાઇ કરેલ હતી.

આમ ઉપરોકત જણાવેલ તમામ હકીકતો દયાને લેતા આ કામના આરોપી નં.૧ અને ૨ દ્વારા ફરીયાદી તથા ૬૧ સાહેદો પાસેથી માર્કેટીંગ યાર્ડ જામજોઘપુરમાં ખેત પેદાશનો માલ ( જણસ ) ખરીદીને દિન–૭ માં માલની રકમ ચુકવવાની ખાતરી આપીને ત્યારબાદ ફરીયાદી તથા સાહેદો સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરીને માલ વેચાણની રકમમાંથી રૂ. ૮ લાખ રજનીકાંત અમ્રુતલાલ ચોટાઇ ને આપેલ હોવાનું રેકર્ડ પર આવેલ હોય અને આરોપી નં.૫ નાએ સદર રકમ જમાં કરાવવાની ત.ક.અમલદાર રૂબરૂ જવાબમાં

જણાવેલ હોવા છતાં કોઈ રકમ જમાં કરાવેલ ન હોય તેવા સંજોગોમાં આરોપી નં.૧ દ્વારા આપવામાં આવેલ રકમ આરોપી નં.૫ દ્વારા સાચવી આપેલ હોવાનું રજુ થયેલ આરોપી નં.૧ અને ૨ ના નિવેદન પરથી જણાય આવતું હોય જેથી હાલના તબક્કે આરોપીનં.૫ ને સદર ગુનાના કામે ડીસ્ચાર્જ કરવા ન્યાયોચિત જણાતું ન હોય જેથી ન્યાયનાહિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

આરોપી નં.૫ ની હાલની ડીસ્ચાર્જ અરજી ના–મંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

જામજોધપુર
તા.૨૯/૧૧/૨૦૨૪

( એ.જી.માલાણી )
જયુડીશ્યલ મેજી.ફ.ક. ,જામજોધપુર
જજ કોડ– જીજે૦૧૩૮૭